सत्यमेव जयते

**Received on : ૨૬–૦૮–૨૦૨૧**
**Registered on: ૨૬–૦૮–૨૦૨૧**
**Decided on :**
**Duration: Year Month Day**

**પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં**

**સ્પે. (એટ્રો ) કેસ નં. ૧૪/૨૦૨૧**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

૧. જુબેર યુસુફભાઇ સાટી,
ઉ.વ. ૨૩, રહે. કડીયા પ્લોટ, પોરબંદર.

૨. હુસેન ઓસમાણભાઇ સાટી,
ઉ.વ. ૨૬, રહે. કુંભારવાડા, ચુનાની ભટ્ટી પાસે,
પોરબંદર. .....આરોપીઓ.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબ.**

**:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::**
**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ. ડી. જોખીયા.**
**:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::**

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપીઓ અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આરોપીઓએ તા. ૨૭–૬–૨૦૨૧ ના રોજ કલાક ૧૦–૪૫ વાગ્યાના અરસામાં પોરબંદર સુભાષનગર વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ પર ફરીયાદી પોતાના મોબાઈલમાં રીક્ષાવાળાની વાતનું શુટીંગ ઉતારતા હોય જેથી આરોપી નં. ૧ નાએ ફરીયાદીને જો મારુ શુટીંગ ઉતારીશ તો માથાકુટ થશે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો આપી ઝપાઝપી કરી ફરીયાદીને જમીનમાં પથ્થર ઉપર પછાડી માથામાં તથા ડાબા ખંભાના ભાગે ઢીકકા મારી મુંઢ ઈજાઓ કરેલ તેમજ બન્ને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ એકબીજાની મદદગારી કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ હાર્બર મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૮૨૧૦૧૮૭/૨૦૨૧ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન

નોંધી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં. ૧૪/૨૦૨૧ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓ વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ આંક–૯ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૦ તથા આંક–૧૧ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીઓએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાઓ :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો | આંક |
|---|---|---|---|
| ૧. | સરમણભાઇ ગાંગાભાઇ પરમાર | પંચ સાહેદ | ૧૨ |
| ૨. | બાબુભાઇ વલ્લભભાઇ પંચાલ | પંચ સાહેદ | ૧૯ |
| ૩. | સુધીરભાઇ મુળજીભાઇ સોનેરી | પંચ સાહેદ | ૨૧ |
| ૪. | નરેન્દ્રભાઇ રમેશભાઇ બારીયા | પંચ સાહેદ | ૨૨ |
| ૫. | શાયરભાઇ જીવાભાઇ ધવલ | ફરીયાદી | ૨૭ |
| ૬. | હરીશભાઇ રામજીભાઇ સોલંકી | સાહેદ | ૩૩ |
| ૭. | રણજીતભાઇ નારણભાઇ રાઠોડ | સાહેદ | ૩૫ |
| ૮. | શામજીભાઇ રત્નાભાઇ ગોહેલ | સાહેદ | ૩૬ |
| ૯. | મધુભાઇ દામજીભાઇ સાદીયા | સાહેદ | ૩૭ |
| ૧૦. | જેન્તીભાઇ રાણાભાઇ ચાવડા | સાહેદ | ૩૮ |
| ૧૧. | જીવાભાઇ મુરુભાઇ ધવલ | સાહેદ | ૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | ડો. ભુમીકાબેન ખીમજીભાઇ ખરા | મેડીકલ ઓફીસર | ૪૧ |
| ૧૩. | રાજેશકુમાર વાઘાભાઇ મકવાણા | સાહેદ | ૪૩ |
| ૧૪. | રીટાબેન ધારાભાઇ વાંદા | ફરીયાદ લેનાર પોલીસ સાહેદ | ૪૫ |
| ૧૫. | ખીમજીભાઇ ગોવાભાઇ દાફડા | પોલીસ સાહેદ | ૫૩ |
| ૧૬. | અશોકકુમાર રાયચંદદાસ પટેલ | ત.ક.અ. | ૬૧ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૩ |
| ૨. | આરોપીનું અટક પંચનામુ | ૨૦ |
| ૩. | ફરીયાદ | ૨૮ |
| ૪. | ફરીયાદીના અનુ. જાતિના દાખલાની નકલ | ૨૯ |
| ૫. | ફરીયાદીના આધારકાર્ડની નકલ | ૩૦ |
| ૬. | ફરીયાદીનું ઈન્જરી સર્ટી. | ૪૧ |
| ૭. | ફરીયાદીની અનુ. જાતિનો દાખલો મળવા કરેલ અરજી તથા તે સાથેના દસ્તાવેજો | ૪૪ |
| ૮. | ગુનો રજીસ્ટર કરવાની યાદી | ૪૬ |
| ૯. | ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૪૭ |
| ૧૦. | સ્ટેશન ડાયરીની નકલ | ૫૪ |
| ૧૧. | તપાસનો ડે. હુકમ | ૫૫ |
| ૧૨. | તપાસ સંભાળવા કરેલ મેસેજ | ૫૬ |
| ૧૩. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૬૨ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૬૫ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન

નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવનો કોઈ પુરાવો આપેલ નથી. અને આરોપીઓને તમારે વિશેષમાં કાંઈ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ. કહેવાતા આક્ષેપ મુજબનો કોઈ ગુન્હો અમોએ કરેલ નથી. અમો તદન નિર્દોષ છીએ અમોને છોડી મુકવા આપ સાહેબને નમ્ર અરજ છે. ''

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી એસ.ડી. જોખીયાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૨૭–૬–૨૦૨૧ ના રોજ કલાક ૧૦–૪૫ વાગ્યાના અરસામાં પોરબંદર સુભાષનગર વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ પર ફરીયાદી પોતાના મોબાઈલમાં રીક્ષાવાળાની વાતનું શુટીંગ ઉતારતા હોય જેથી આરોપી નં. ૧ નાએ ફરીયાદીને જો મારુ શુટીંગ ઉતારીશ તો માથાકુટ થશે તેમ કહી ફરીયાદીને ભુંડી ગાળો આપી ઝપાઝપી કરી ફરીયાદીને જમીનમાં પથ્થર ઉપર પછાડી માથામાં તથા ડાબા ખંભાના ભાગે ઢીકકા મારી મુંઢ ઈજાઓ કરેલ તેમજ બન્ને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને તેમ કરવામાં એકબીજાની મદદગારી કરી અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ– |

| | |
|---|---|
| | ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :–</u>**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૫ ફરીયાદી શાયરભાઇ જીવાભાઇ ધવલને આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવ સુભાષનગરમાં રોડ પર રીક્ષા સ્ટેન્ડ પાસે આશરે સવારે ૧૧ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે હું રીક્ષાનો પેસ ેન્જરનો ફેરો કરી મારો વારો સ્ટેન્ડમાં રાખી ઉભો હતો ત્યારે આઠ દસ

જણા ઉભા હતા જેમાં હિતેષ રામજી, હરીશ રામજી, શામજી, રોહિત એ રીતેના હતા બાકીના વ્યકિતઓના નામ હાલ મને યાદ નથી. આ સમયે ત્યાં ઉભેલા રોહિત તથા તેની સાથે જુબેર (આરોપી) બોલાચાલી કરતો હતા અને આ બોલાચાલી રીક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતેની કરતો હતો ત્યારે હું મારા મોબાઇલમાં તેઓનુ શુંટીંગ કરતો હોઉ ત્યારે મને જુબેરે કહેલ કે શુંટીંગ શા માટે ઉતારે છે માથાકુટ થઇ જશે તેમ કહી મારો મોબાઇલ આંચકી લઇ મને ઉપાડીને નીચે પથ્થરમાં પછાડેલ જેથી મને કમરમાં અને પગમાં ઈજા થયેલી અને ત્યારબાદ જુબેર પોતાની રીક્ષામાંથી રીક્ષાની ચાવી લઇ આવી મારા માથામાં ચાવી વડે ઈજા કરેલી ત્યારે જુબેરની સાથે ઉભેલ એક અજાણ્યા વ્યકિત જે આજરોજ કોર્ટમાં હાજર છે તેણે આવીને કહેલ કે કોઇ વચ્ચે છોડાવશે તો રસ્તામાં જકાતનાકું વટશે તો તેને છરી વડે મારી નાં ખશું ત્યારબાદ મને માથામાં ઈજા થવાની મને ચકકર આવતા હોય પ્ર થમ હું હાર્બર મરીન પો.સ્ટે ગયેલો અને ત્યાંથી મને બીજો રીક્ષાવાળો રીક્ષામાં બેસાડીને પોરબંદરની સરકારી હોસ્પિટલ ભાવસિંહજીએ લઇ ગયેલ અને ત્યાં મને સારવારમાં દાખલ કરેલ અને બનાવ બાબતે મે હોસ્પિટલે પોલીસ ફરીયાદ આપેલી તેમ જણાવી આં ક–૨૮ થી ફરીયાદ તથા આંક–૨૯ થી ફરીયાદીની અનુ. જાતીનો દાખલો અને આંક–૩૦ થી આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, હું ભાવસિંહજી હોસ્પિટલે સવારે સાડા અગીયાર/ બાર વાગ્યાની આસપાસ પહોંચેલો. એ વાત ખરી છે કે હોસ્પિટલ પહોંચ્યો ત્યારે ડોકટર સાહેબે મને પૂછેલ કે કેમ બનાવ બનેલ છે અને કોણે મારેલ છે. ડોકટર સાહેબે મને પૂછતા હું જે તહોતદારનું નામ જાણતો હતો તેનુ નામ મે લખાવેલું. એ વાત ખરી નથી કે મે ડોકટર સાહેબે મને પૂછતા મે ડોકટર સાહેબને એવુ લખાવેલ કે " અજાણ્યા માણસે સુભાષનગર

રોડ પર ચાવી અને પથ્થરથી હુમલો કરેલ છે " . એ વાત ખરી છે કે મારી જ્ઞાતિમા ખરા અટક આવે છે. એ વાત ખરી છે કે આ કામના ડોકટર ભુમિકાબેન ખરા સાથે મારે કોઈ વાંધો કે તકરાર નથી. પોલીસ મારી પાસે બીજે કે ત્રીજા દિવસે આવેલી તે પહેલા પણ આવતા હતા પણ પૂછપરછ કરીને નીકળી જતા હતા અને પોલીસે એવુ કહેલ કે તમો જેવુ કહો છો તેવી રીતે ફરીયાદ લખાશે નહી કારણ કે તમને કોઈએ મારેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ આ ત્રણ દિવસ દરમ્યાન જેટલી વાર મારી પાસે આવેલી ત્યારે મે તેઓની બનાવની સમગ્ર હકીકત જણાવેલી. એ વાત ખરી નથી કે પોલીસને મે જેટલીવાર હકીકત જણાવેલી ત્યારે પોલીસે મને એવું જણાવેલ કે આમા કોઈ ગુન્હો બનતો નથી. અમે પાંચ ભાઈ – બહેન છીએ. એ વાત ખરી છે કે અમારે બધા ભાઈઓને એકબીજા સાથે સારુ બને છે. હોસ્પિટલમાં હું દાખલ હતો તે સમય દરમ્યાન મારા પિતાશ્રી, મારો ભાઈ અને મારી પત્નિ હાજર હતા. તે જ રીતે સગાસંબંધીઓ પણ મને જોવા માટે આવતા હતા. એ વાત ખરી નથી કે હું મારી ફરીયાદ નોંધાયેલા બાદ તા.૨૯/૬/૨૦૨૧ ના રોજ ડોકટરની પરવાનગી વગર હોસ્પિટલમાંથી જતો રહેલ. એ વાત ખરી છે કે મે મારી પોલીસ ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે " આ સમયે ત્યાં ઉભેલા રોહિત તથા તેની સાથે જુબેર (આરોપી) બોલાચાલી કરતો હતા અને આ બોલાચાલી રીક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતેની કરતો હતો ". એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે " ત્યારે મને જુબેરે કહેલ કે શું ટીંગ શા માટે ઉતારે છે માથાકુટ થઈ જશે તેમ કહી મારો મોબાઈલ આં ચકી લઈ મને ઉપાડીને નીચે પથ્થરમાં પછાડેલ ". એ વાત ખરી છે કે મે મારી પોલીસ ફરીયાદમાં એવુ લખાવેલ કે " જુબેર એકદમ ઉશકેરાઈ જઈ મારો ફોન લેવા આવતા હું ત્યાંથી દુર ભાગેલ". એ વાત ખરી નથી કે આ જુબેર મારો ફોન લેવા આવતા હું ભાગવા જતા નીચે પડી ગયેલો. એ વાત ખરી નથી કે ત્રણ દિવસ સુધી મારી પોલીસ

ફરીયાદ લેવાનુ કારણ એ હતુ કે ખરી હકીકતે હું પડી ગયેલ હોય અને મને લાગેલ હોય આથી ફરીયાદ લીધેલ ન હતી. એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે " તેણે આવીને કહેલ કે કોઇ વચ્ચે છોડાવશે તો રસ્તામાં જકાતનાકું વટશે તો તેને છરી વડે મારી નાંખશું". એ વાત ખરી છે કે બનાવ સમયે બીજા ત્યાં જે હાજર હતા તેની સાથે મારે કોઇ વાંધો કે તકરાર નથી. એ વાત ખરી નથી કે ખરી હકીકતે તહોમતદારોએ મને કોઇ માર મારેલ નથી હું નીચે પડી જતા પથ્થર વાગવાથી ઇજા થયેલી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ હરીશભાઇ રામજીભાઇ સોલંકીને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ જણાવે છે કે, હુ મારી રીક્ષા શીતલા ચોકથી સુભાષનગર પેસેજંર લઇને ચલાવુ છુ. જુબેર સાટી (આરોપી) પણ મારી સાથે રીક્ષા ચલાવે છે. શાયર જીવાભાઇ ધવલને (ફરીયાદી) ઓળખુ છુ. બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવમાં પેસેંજર ભરવા બાબતે જુબેર સાટીને બીજા રીક્ષાવાળા સાથે ઝઘડો થયેલો તે બાબતે શાયર જીવાભાઇ શુટીંગ ઉતારતો હોય તેના કારણે બંને વચ્ચે ઝપાઝપી બોલાચાલી તથા મારામારી થયેલી અને બનાવ બાબતે શાયરે પોલીસ ફરીયાદ કરેલી. પોલીસે મારી પુછ પરછ કરેલી અને મારો જવાબ લીધેલો. આ બનાવમાં શાયરને કમરના ભાગે ઇજા થતા તેને સરકારી દવાખાને સારવારમાં લઇ ગયેલ હતા.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે શાયર શુટીંગ ઉતારતો હોય જુબેરે શુટીંગ કરવાની ના પાડતા બંને વચ્ચે બોલાચાલી અને ધકકામુકી થયેલી. એ વાત ખરી છે કે આ બોલાચાલી અને ધકકા મુકીમાં અમો

બધા રીક્ષાવાળા વચ્ચે પડી છોડાવેલો. એ વાત ખરી છે કે આ ધકકા મુકકીમાં શાયરભાઇ પડી ગયેલા હતા. એ વાત ખરી છે કે આ ધકકા મુકકીમાં શાયરભાઇ પડી જતા તેઓને કમરના ભાગે લાગી ગયેલ. એ વાત ખરી છે કે આ ઝઘડો બંને વચ્ચે સામાન્ય ઝઘડો હતો અને અમો બધાએ વચ્ચે પડીને તેઓને છાડાવીને છુટા પાડેલ.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષાના સાહેદ રણજીતભાઇ નારણભાઇ રાઠોડને આંક−૩૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું શાયર જીવાભાઇ ઘવલને (ફરીયાદી) ઓળખુ છુ તેઓ પણ રીક્ષા ચલાવે છે. હું શીતલાચોકથી સુભાષનગર તરફ મારી રીક્ષા ચલાવુ છુ. સાહીરભાઇનો બનાવ આશરે ચારેક વર્ષ પહેલા સુભાષનગર ખાતે સવારના ૧૧−૧૨ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે ત્યાં શાયર અને આરોપી જુબેર હાજર હતા. જુબેર ત્યાં બેઠો હતો અને બધા શાંતિથી બેઠા હતા અને શાયર આવીને જુબેરનુ શુટીંગ ઉતારતો હોય જેથી જુબેરે શુટીંગ ઉતારવાની ના પાડતા બંને વચ્ચે ઝપાઝપી કરીને ઝઘડો કરેલ અને બંને વચ્ચે સામસામી મારામારી થયેલી. અમો વચ્ચે પડી તેઓને છુટા પાડેલા. શાયર ત્યાંથી તેની રીક્ષા લઇને જતો રહેલો. આ શાયરે ફરીયાદ કરેલી કે કેમ તેની મને ખબર નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે સુભાષનગર રીક્ષા સ્ટેન્ડથી થોડે દુર હાર્બર મરીન પોલીસ સ્ટેશન આવેલ છે. એ વાત ખરી છે કે શાયર શુટીંગ ઉતારતો હોય જુબેરે શુટીંગ કરવાની ના પાડતા બંને વચ્ચે સામાન્ય બોલાચાલી અને ધકકામુકી થયેલી. એ વાત ખરી છે કે આ બોલાચાલી અને ધકકા મુકી બંને વચ્ચે થયેલ તેમા અમો બધા રીક્ષા વાળા વચ્ચે પડીને છોડાવેલ. એ વાત ખરી છે કે આ એક સામાન્ય બાબત હોય બધા ત્યારબાદ પોત પોતાના કામમાં લાગી ગયેલા. એ વાત ખરી

છે કે સામાન્ય બાબત હોય અને બાજુમાં જ પોલીસ સ્ટેશન હોય તેથી કોઇએ પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરેલી નહી.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ જીવાભાઇ મુરુભાઇ ઘવલને આંક–૪૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, શાયર જીવાભાઈ ઘવલ(ફરીયાદી) મારો દિકરો થાય છે. મારા દિકરાનો બનાવ આશરે ચારેક વર્ષ પહેલાં સુભાષનગર વિસ્તારમાં બનેલો. બનાવ સમયે હું બહાર હતો ત્યારે મને મારા ઘરેથી જાણ થયેલી અને કહેલ કે, શાયરનો સુભાષનગર વિસ્તારમાં જુબેર યુસુબ નામના ઈસમ સાથે ઝ ઘડો થયેલ છે અને મારો દિકરાને બનાવમાં માર મારતા ઈજા થતા સારવાર અર્થે દાખલ થયેલ હતો. જેથી હું સરકારી દવાખાને ગયેલો અને મારો દિકરો સારવારમા દાખલ હતો અને મને વાત કરેલ કે રીક્ષામા પેસેન્જર ભરવા બાબતે આ જુબેર સાથે ઝઘડો થયેલ અને બીજો પણ એક ઈસમ હતો જેનું નામ મને હાલ યાદ નથી. બનાવ બાબતે મારા દિકરાએ આરોપી સામે ફરીયાદ કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું બનાવ સ્થળે હાજર ન હતો તેથી બનાવ કેવી રીતે બનેલ તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની જાણ મને મારા દિકરાએ કરેલી. એ વાત ખરી નથી કે, મને જે ધમકી આપેલ તેની વાત હું પ્રથમ વખત હું કોર્ટમાં કરૂ છુ. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ડો. ભુમીકાબેન ખીમજીભાઈ ખરાને આંક–૪૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું ગઈ તા. ૨૭/૦૬/૨૧ ના રોજ ભાવસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હતી આ દરમ્યાન દર્દી શાયર જીવાભાઈ ધવલનાઓને તેઓના ભાઈ પ્રકાશ જીવાભાઈ ધવલ, રહે. પોરબંદર, સવારના ૧૧/૨૦ કલાકે મારી પાસે પોલીસ યાદી વગર સારવારમાં લાવેલ હતા જેને મે તપાસી અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હતા.દર્દી ભાનમાં હતા.આ દર્દીને પુછતા તેમના કહેવા મુજબ તેમણે જણાવેલ કે, '' સુભાષનગર વિસ્તારમાં આજે સવારે ૧૦/૪૫ વાગ્યે એક અજાણ્યા માણસે ચાવી અને પથ્થર વડે માર મારેલ છે.'' આ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.ઈજા નં. ૧ – ૩×૨ સે.મી. ના બે ઉજરડો ડાબા ખંભા પર જોવા મળેલ જેનો રંગ લાલ હતો. ઈજા નં.૨ :– ૧ સે.મી× ૧ સે.મી ઉજરડો જમણા કપાળ ઉપર આઈબ્રોના ઉપરના ભાગે જોવા મળેલ જેનો રંગ લાલ હતો. ઈજા નં. ૩ :– ૧ સે.મી× ૧ સે.મીનો ઉજરડો ડાબા પગના અંગુઠામાં જોવા મળેલ જેનો રંગ લાલ હતો. આ દર્દીના એક્સ–રે કરવામાં આવેલ જે નોર્મલ હતા તેમ જણાવી આંક–૪૨ ફરીયાદીનું ઈન્જરી સર્ટી. રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, જો કોઈ વ્યકિત પડી જાય તો

દર્દીને થયેલ ઈજાઓ જેવી જ ઈજા થઈ શકે.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ શામજીભાઈ રત્નાભાઈ ગોહેલને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. તેમજ ફરીયાદપક્ષના સાહેદ મધુભાઈ દામજીભાઈ સાદીયાને આંક–૩૭ થી તપાસેલ છે એવી જ રીતે ફરીયાદપક્ષના સાહેદ જેન્તીભાઈ રાણાભાઈ ચાવડાને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૮) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ રીટાબેન ધારાભાઈ વાંદાને આંક–૪૫ થી તપાસેલ છે તેઓના જણાવ્યા મુજબ તેઓએ ભાવસિંહજી હોસ્પીટલમાં જઈ ફરીયાદીની પોતાના રુબરુની ફરીયાદ લીધેલાનું જણાવે છે. ફરીયાદપક્ષના સાહેદ ખીમજીભાઈ ગોવાભાઈ દાફડાને આંક–૫૩ થી તપાસેલ છે. તેઓના પુરાવામાં મુજબ તેઓએ ફરીયાદ અન્વયે ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ સોંપવા ડેપ્યુટ હુકમ કરેલાની હકીકત જણાવે છે. ફરીયાદપક્ષના સાહેદ ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પંચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂઘ્ઘ ચાર્જશીટ કરવા જેટલો

પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ તેમ જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મને તપાસ મળતા મે કાગળોનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે ફરીયાદનો બનાવ તા. ૨૭/૬/૨૧ ના રોજ બનેલ અને તેની ફરીયાદ તા. ૨૯/૬/૨૧ ના રોજ બપોરે ત્રણ વાગ્યે આપવામાં આપેલ. એ વાત ખરી છે કે ફરીયાદ મોડી કરવાનુ કોઇ કારણ દર્શાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સાહેદ જીવાભાઇ ધવલે મારા સમક્ષના નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે " બનાવના દિવસે જુબેર યુસુફ મને પણ ધમકી દેવા આવેલ અને કહેલ કે તારા છોકરાને સમજાવી લેજે ". એ વાત ખરી નથી કે પંચનામા મે મારી જાતે તૈયાર કરી પાછળથી પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન ફરીયાદ મુજબ મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ પાછળથી પોલીસ સ્ટેશનમાં લખીને પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં આક્ષેપિત ગુનાને લગત કોઇ પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૯) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને આરોપી નં. ૧ દ્વારા તેને અપશબ્દો બોલી તેનો મોબાઇલ આં

ચકી લઇ ફરીયાદીને ઉપાડીને નીચે પથ્થરમાં પછાડેલ જેથી ફરીયાદીને કમરમાં અને પગમાં ઈજા થયેલી તેવી હકીકત સરતપાસમાં જણાવે છે. ફરીયાદીના પુરાવા સાથે ફરીયાદ હકીકત વંચાણે લેતા તેમાં વિસંગતા જણાય આવે છે. વધુંમાં ફરીયાદીની ઉલટ તપાસની હકીકતો ધ્યાને લેતા તેઓએ ડોકટર સાહેબ રુબરુ જે આરોપીનું નામ જાણતા હતાં તેઓનું નામ આપેલાનું જણાવે છે જયારે મેડીકલ ઓફીસરનો પુરાવો વંચાણે લેતા તેમાં હીસ્ટ્રીમાં એક અજાણ્યા માણસે પથ્થર વડે માર મારેલાનું જણાવે છે આમ ફરીયાદીનો પુરાવા અને મેડી. હીસ્ટ્રીમાં આરોપી બાબતે વિરોધાભાસી હકીકત જણાય આવે છે. વધુમાં જોવામાં આવે તો સાહેદ હરીશભાઇએ તેમના પુરાવામાં સ્વીકાર્યા મુજબ આરોપી નં. ૧ સાથે બોલાચાલી અને ધકકામુકી થયેલ અને તેમાં ફરીયાદીને વચ્ચે પડી છોડાવવા જતાં ફરીયાદી પડી ગયેલા તેમ જણાવે છે એવી જ રીતે સાહેદ રણજીતભાઇ નારણભાઇએ પણ આ બાબત સ્વીકારેલ છે. આ કામે તપાસેલ સાહેદ જીવાભાઇ મુરુભાઇ ધવલનો પુરાવો વંચાણે લેતા તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી તેઓ બનાવ સ્થળે હાજર ન હતાં અને તેઓએ બનાવ નજરે જોયેલ નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદો શામજીભાઇ રત્નાભાઇ, સાહેદ મઘુભાઇ દામજીભાઇ તથા સાહેદ જેન્તીભાઇ રાણાભાઇએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષો ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ ઉપરોકત ફરીયાદીના પુરાવા સાથે અન્ય સાહેદોના પુરાવાને વંચાણે લેતા તેમાં સુધારા વધારા અને વિસંગતતા જણાય આવતી હોય ત્યારે તેવા પુરાવાને આધારે આરોપીઓને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરનો

પુરાવો વંચાણે લેતા તેઓના સ્વીકાર્યા મુજબ જો કોઇ વ્યકિત પડી જાય તો દર્દીને થયેલ ઇજાઓ જેવી જ ઇજા થઇ શકે. આમ ઉપરોકત સાહેદોના પુરાવા સાથે સદર મેડીકલ ઓફીસરનો પુરાવો વંચાણે લેતામેડીકલ એવીડન્સને આધારે પણ હાલના આરોપીઓ સામેના આક્ષેપો સ્પષ્ટ રીતે પુરવાર થતા નથી. આ કામે ત.ક.અ.શ્રીના પુરાવામાં સ્વીકાર્યા મુજબ બનાવ તા. ૨૭–૬–૨૧ ના રોજ બનેલ અને તેની ફરીયાદ ૨૯–૬–૨૧ ના રોજ આપવામાં આવેલ અને ફરીયાદ મોડી કરવાનુ કોઇ કારણ ફરીયાદમાં આવેલ નથી. વધુમા આ કામે તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના તથા અટક પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી જેથી ત.ક.અ.શ્રી દ્વારા કરવામાં આવેલ પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીઓએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લ ેતા પુરવાર થતી નથી.

(૨૦) આમ આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫–એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી ઓ સામે ફરીયાદ

પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

## : આખરી હુકમ :

૧. આ કામના આરોપીઓ ૧. જુબેર યુસુફભાઇ સાટી, ૨. હુસેન ઓસમાણભાઇ સાટી,ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧) (એસ), ૩(૨)(૫–એ)* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૨–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701